સંક્ષિપ્ત સમાચાર

જેસપોરમાં બે બાઇક અથડાતાં એકનું મોત

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના જેસપોર ગામે બે મોટરસાઇકલ વચ્ચે અકસ્માતમાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે બે અન્યને ગંભીર ઈજા પહોંચી છે. પ્રાપ્ત માહિતી મુજબ શુક્રવારે સાંજે 7 વાગ્યાની આસપાસ જેસપોર કંપની પાસે જયેન્દ્રભાઈ વસાવાના ઘરની સામેના રોડ પર આ દુર્ઘટના બની હતી. જશોધાબેન વસાવાએ ફરિયાદમાં જણાવ્યું કે, આરોપી ચાલક કોલિયાપાડાના વિનોદભાઈ રમણભાઈ વસાવા પોતાની બાઇક ઝડપી હંકારતાં તેમના પતિ હસમુખભાઈ વસાવાની બાઇકને સામેથી ટક્કર મારી હતી. આ બનાવમાં હસમુખભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. ઉપરાંત અકસ્માતમાં આરોપી વિનોદભાઈને પણ જમણા પગમાં ફ્રેક્ચર અને કપાળે ઈજા થઈ છે. ઘટના દરમિયાન સ્થળ પર રહેલી એક મહિલા સાક્ષી, પ્રેમીલાબેનને પણ જમણા પગ અને ડાબા હાથમાં ઈજા પહોંચી છે. આ બાબતે ઝઘડિયા પોલીસમાં કોલિયાપાડાના વિનોદ રમણભાઈ વસાવા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ભરૂચની KMCRIમાં ઇન્ટર્ન તબીબોનો સ્ટાઇપેન્ડ સામે વિરોધ

ભરૂચ: ભરૂચની કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ (KMCRI)ના 150થી વધુ ઇન્ટર્ન ડોક્ટરોએ સ્ટાઇપેન્ડ વધારાની માંગ સાથે અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી છે. ડોક્ટરોનો આક્ષેપ છે કે સંસ્થાએ 23% વધારાની ખાતરી આપી માત્ર 3% (રૂ.500) વધાર્યા છે. હાલ તેમને રૂ.15,300 મળી રહ્યા છે, જ્યારે તેમની માંગ સરકારી નિયમ મુજબ રૂ.21,800ની છે. તંત્ર દ્વારા રજૂઆત સામે ઇન્ટર્નશિપ લંબાવવાની ધમકી અપાતી હોવાનો પણ આક્ષેપ છે. બીજી તરફ, મેનેજમેન્ટનું કહેવું છે કે રૂ.500નો વધારો અપાયો છે અને વધુ ચર્ચા માટે 13 જુલાઈએ સીએમડી સાથે બેઠક યોજાશે.

નવા બોરભાઠાની શાળામાં કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર: નવા બોરભાઠાની તક્ષશિલા વિદ્યાલયમાં શાળાના અધ્યાસ્થાપક સ્વ.હિતેશ પટેલની રલ્મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. તેમજ શાળાના અભ્યાસ કરતા શિશુ ૧થી ધો.૧૨માં અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓને ઇનામ આપી સન્માનિત કરાયા હતા.

આવશ્યક સેવા કર્મીઓને રેઇન કોટનું વિતરણ

અંકલેશ્વર: અંકલેશ્વરની માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શારદા ભવન ટાઉન હોલ ખાતે આવશ્યક સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને જવાનો માટે રેઇનકોટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અંકલેશ્વર અને ભરૂચના ટીઆરબી જવાનો, ટ્રાફિક પોલીસ કર્મચારીઓ, 108 ઇમરજન્સી સેવાના કર્મચારીઓ, નગરપાલિકાના ફાયર વિભાગના જવાનોને રેઇનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પોક્સોનો ફરાર આરોપી ઝડપાયો

કીમ: POCSO કેસમાં છેલ્લા પાંચ મહિનાથી ફરાર આરોપીને કીમ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી લઈ જઈ બનાવટી દસ્તાવેજોના આધારે લગ્ન નોંધાવ્યાનો આરોપ છે. પોલીસે મુખ્ય આરોપી દેવેશ ઉર્ફે દેવસર દયોતાદીન પાંડે તેમજ બનાવટી જન્મનો દાખલો તૈયાર કરવામાં મદદ કરનાર સંજીતકુમાર લાલબહાદુર યાદવની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચંદેરિયા ગામે દારૂ સાથે મહિલા ઝડપાઈ

ભરૂચ: વાલિયામાં ચંદેરિયા ગામ પાસે પેટ્રોલ પંપ સામે એક ગલ્લા (ટ્રક) માંથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે ગીતાબેન વસાવાને ઝડપી પાડી છે. વાલિયા પોલીસને મળેલી બાતમીના આધારે રેડ પાડતાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ અને બીયરની ૮૫ બોટલો મળી આવી હતી. પોલીસે ફ્લેવર્ડ વોડકા સહિત કુલ ૧૩,૦૧૪નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

લીલાબેન વસાવાને રાજીનામું પાછું ખેંચવાની ભરૂચ સાંસદની પોસ્ટ વાયરલ

રાજપીપળા: નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ લીલાબેન વસાવાએ આદિવાસીઓને જંગલની જમીન ખેડવા ન દેવાતાં તાજેતરમાં પક્ષમાંથી રાજીનામું આપ્યું હતું. સુરતના ઉમરપાડાના જંગલ વિસ્તારમાં આદિવાસી ખેડૂતોને વન વિભાગ અને પોલીસ દ્વારા અટકાવાતા સંઘર્ષ થયો હતો, જેમાં સ્થાનિક નેતાઓએ સહકાર ન આપતાં લીલાબેને આ પગલું ભર્યું હતું. આ અંગે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા લીલાબેનના સમર્થનમાં આવ્યા છે. તેમણે ગાંધીનગરમાં મંત્રીઓ સાથે તાત્કાલિક બેઠક કરી આદિવાસીઓના હિતમાં વહેલાસર નિર્ણય લેવાની ખાતરી આપી છે. સાંસદે લીલાબેનને પોતાનું રાજીનામું પાછું ખેંચવા અપીલ કરી છે. સાંસદની પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી.

અંકલેશ્વરમાં મહા રક્તદાન શિબિર

અંકલેશ્વર: શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના 61મા જન્મદિવસ નિમિત્તે અંકલેશ્વર ખોડલધામ સમિતિ દ્વારા જીઆઇડીસી સ્થિત શ્રી પાટણ લેઉઆ પાટીદાર સમાજ ખાતે મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી માનવસેવામાં યોગદાન આપ્યું હતું.

રાજપીપળામાં આંગણવાડી કાર્યકરનો મોબાઈલ ગુમ

રાજપીપળા: નાંદોદના ઢઢોચકી નિશાળ ફળિયામાં રહેતાં ઊર્મિલાબેન સોમાભાઈ વસાવા (ઉ.વ.૪૭)ને રાજપીપળા આંગણવાડી ઓફિસના સરકારી કામકાજ અર્થે મોબાઈલ આપવામાં આવ્યો હતો. ગત તા.૨૪/૬/૨૦૨૬ના રોજ સાંજે આશરે ચારેક વાગ્યે ઊર્મિલાબેન રાજપીપળા નાગરિક બેંકથી શાકભાજી માર્કેટ તરફ જઈ રહ્યાં હતાં. દરમિયાન આશરે રૂ.૧૮,૪૯૯ની કિંમતનો આ મોબાઈલ ફોન ક્યાંક ખોવાઈ ગયો હતો. આ અંગે તેમણે રાજપીપળા ટાઉન પોલીસ મથકે તેમણે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

નેત્રંગમાં બે બાઈક અથડાતાં બેનાં મોત

લાલમંટોડી હેલિપેડ ટેકરા પાસે બનેલી ઘટના, એક ગંભીર

ધાણીખુંટ અને કંબોડિયા ગામના યુવાનનાં મોતથી ગામમાં શોકનો માહોલ

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં સતત વધી રહેલા જીવલેણ અકસ્માતોને કારણે સ્થાનિક જનતામાં ભારે ચિંતા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આવી જ એક હૃદયદ્રાવક ઘટનામાં નેત્રંગ નગરના છેવાડે બે મોટરસાઇકલ સામસામે અથડાતાં બે યુવકનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ધાણીખુંટ અને કંબોડિયા ગામના યુવાનનાં મોતથી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર નેત્રંગના ધાણીખુંટ ગામનો ૨૨ વર્ષીય સતીષ રમણભાઈ વસાવા ઝઘડિયા જીઆઈડીસીની કંપનીમાં નોકરી કરતો હતો. ગત તા.૧૦ના રોજ સવારે તે ગામના જ અવધિશભાઈ વસાવા સાથે બાઈક પર નોકરીએ ગયો હતો. સાંજે સાડા છ વાગ્યાના અરસામાં બંને મિત્રો નોકરી પતાવી પરત ઘરે ફરી રહ્યા હતા, ત્યારે નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર લાલમંટોડી હેલિપેડ ટેકરા નજીક સામેથી આવતી અન્ય એક બાઈક સાથે તેમની મોટરસાઈકલ ધડાકાભેર અથડાઈ હતી.

આ અકસ્માતમાં સામેની બાઈકનો ચાલક અંકિત દિનેશભાઈ વસાવા (રહે.,કંબોડિયા, તા.નેત્રંગ) ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ કાળનો કોળિયો બન્યો હતો. જ્યારે લોહીલુહાણ થયેલા સતીષ અને અવધિશને તાત્કાલિક સારવાર માટે નેત્રંગ સરકારી દવાખાને ખસેડાયા હતા, જ્યાં ગંભીર રીતે ઘવાયેલા સતીષ વસાવાનું સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં બચેલા અન્ય યુવક અવધિશ વસાવાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. આ ઘટના અંગે મૃતક સતીષના પિતા રમણભાઈ મોરારભાઈ વસાવાએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર-ઓલપાડ માર્ગ ઉપર બે બ્રિજ બંધ થતાં વાહન ચાલકો પરેશાન

50 કિમીનું અંતર કાપતા 2 કલાક લાગે છે, ઝડપથી કામગીરીની માંગ

અંકલેશ્વર: અંકલેશ્વરથી સુરત તરફ જવા માટે હાંસોટ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને હાલ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અંકલેશ્વર-ઓલપાડ માર્ગ પર આમલાખાડી ખાતે નવા બ્રિજનું બાંધકામ ચાલી રહ્યું હોવાથી ત્યાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે, જ્યારે સાહોલ-વડાલી વચ્ચેનો 50 વર્ષથી વધુ જૂનો બ્રિજ લોડ ટેસ્ટિંગમાં નિષ્ફળ રહેતા ભારે વાહનો માટે બંધ કરી દેવાયો છે. પરિણામે માત્ર 50 કિલોમીટરનું અંતર કાપવા માટે બે કલાકથી વધુ સમય લાગી રહ્યો છે.

આમલાખાડી બ્રિજની બાજુમાં બનાવવામાં આવેલા ડાયવર્ઝન પરથી તમામ પ્રકારના વાહનોની અવરજવર પર નવેમ્બર મહિના સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના કારણે વાહનચાલકોને આંબોલી-બોઈદ્રા માર્ગ મારફતે ૧૦થી ૧૫ કિલોમીટરનો વધારાનો ફેરાવો કરીને મુસાફરી કરવી પડી રહી છે. ખાસ કરીને નવાગામ, કદરામા સહિતનાં ગામોના લોકોને અંકલેશ્વર આવવા માટે 15થી 20 કિલોમીટરનો વધારાનો માર્ગ કાપવો પડી રહ્યો છે. બીજી તરફ સાહોલ-વડાલી બ્રિજની સ્થિતિ પણ ચિંતાજનક બની છે. લોડ ટેસ્ટિંગમાં બ્રિજ ભારે વાહનો માટે અસુરક્ષિત હોવાનું સામે આવતાં એસ.ટી. બસો, લક્ઝરી બસો, ટ્રકો અને કન્ટેનર જેવા તમામ ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. હાલ આ બ્રિજ પરથી માત્ર ટુ-વ્હીલર, કાર અને અન્ય નાનાં વાહનોને જ પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે. ભારે વાહનોને સુરત-અમદાવાદ નેશનલ હાઈવે-૪૮ અથવા કીમ-કોસંબા માર્ગ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. આ બંને બ્રિજ બંધ રહેતાં અંકલેશ્વર, હાંસોટ અને ઓલપાડ તાલુકાના સ્થાનિક વાહનચાલકોને સમય અને ઈંધણનો વધારાનો ખર્ચ સહન કરવો પડી રહ્યો છે.

જો કે, વાસદથી નવસારીના ગણદેવા સુધી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનો ભાગ શરૂ થતાં લાંબા અંતરના વાહનચાલકોને થોડી રાહત મળી છે, પરંતુ સ્થાનિક મુસાફરો માટે હાલની સ્થિતિ મુશ્કેલીભરી બની છે. સ્થાનિકોએ કામગીરી ઝડપથી પૂર્ણ કરી વાહનવ્યવહાર વહેલી તકે પુનઃ શરૂ કરવામાં આવે એવી માંગ કરી છે.

ગડખોલ ગામ નજીક નહેરમાં ટ્રેક્ટર ખાબક્યું, ચાલકનો બચાવ

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ ગામ નજીક આવેલા અયપ્પા મંદિર પાસેથી પસાર થતી નહેરમાં શનિવારે એક ટ્રેક્ટર અકસ્માતે ખાબક્યું હતું. આ બનાવમાં સદનસીબે ટ્રેક્ટર ચાલકનો આબાદ બચાવ થયો હતો. ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટ્રેક્ટર સીધું નહેરમાં ખાબકી ગયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને મદદરૂપ બન્યા હતા. બાદ જેસીબી મશીનની મદદથી નહેરમાં પડેલા ટ્રેક્ટરને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉકાઈમાં સાગના જંગલમાંથી મહિલાનું કંકાલ મળી આવ્યું

પોલીસે હાડપિંજરનો કબજો લીધો

વ્યારા: ઉકાઈ તાલુકાના ઘોડા અને ભૂરીવેલ ગામની સીમમાં સાગના જંગલમાં માનવ કંકાલ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ ગત તા.10-7-2026ના રોજ ઘોડા ગામે ખુલ્લા મેદાનમાં ક્રિકેટ રમતી વેળાએ અરમાનકુમાર મનીષભાઈ ગામીત (ઉં.વ.19) (ધંધો-મજૂરી) (રહે.,ઘોડા ગામ, પીપળા ફળિયું, તા.ઉકાઈ)ને સાંજે પાંચ વાગ્યાના અરસામાં કુદરતી હાજતે જવાનું થતાં અરમાન ઘોડા અને ભૂરીવેલ ગામની સીમમાં આવેલા 78 એફ કમ્પાર્ટમેન્ટના સાગના જંગલમાં અંદાજિત 200 મીટરના અંતરે ગયો હતો. જ્યાં અરમાનને માનવ હાડપિંજર નજરે પડતાં ગભરાયેલા અરમાને ક્રિકેટના મેદાન પર આવી પોતાના કાકા દિનેશભાઈ રમણભાઈ ગામીતને વાત કરી હતી. બાદ ગામનાં મહિલા સરપંચને જાણ કરતાં સરપંચ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર પહોંચી માનવ કંકાલનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક અનુમાન મુજબ માનવ હાડપિંજર કોઈ મહિલાનું હોવાનું જાણવા મળ્યું છે. ઘટના સ્થળે હાડપિંજરનું માથું, હાથ, પાંસળીઓ તેમજ નજીકમાં લાંબા કાળા વાળ મળી આવ્યા છે. માનવ હાડપિંજર ઘણું જૂનું હોય પોલીસ દ્વારા હાડપિંજરનો કબજો લઈ ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

માલીબાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉદ્યોગ સાહસિકતા સાથે સિદ્ધિ

એન્જિનિયરિંગના 6 મિત્રએ 'અલ્પિનો હેલ્થ ફૂડ્સ'ની સ્થાપના કરી હતી, વિશ્વના 21થી વધુ દેશમાં નિકાસ

બારડોલી: ઉકા તરસાડિયા યુનિવર્સિટી (માલીબા કેમ્પસ)ના પૂર્વ વિદ્યાર્થીઓએ ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે. યુનિવર્સિટીના એન્જિનિયરિંગના પૂર્વ વિદ્યાર્થીઓ ચેતન કાનાણી, હિરેન શેટા, ઉમેશ ગજેરા, પ્રિયંક વોરા, મિલન ગોપાણી અને મડત્વ શેટા દ્વારા સ્થાપિત 'અલ્પિનો હેલ્થ ફૂડ્સ' (Alpino Health Foods) આજે ભારતની અગ્રણી હેલ્થ અને પ્રોટીન ન્યુટ્રિશન બ્રાન્ડ તરીકે વિશ્વસ્તરે ડંકો વગાડી રહી છે. વર્ષ-2016માં માત્ર 5 લાખના રોકાણથી શરૂ થયેલી આ સફર અત્યંત પડકારજનક હતી. શરૂઆતમાં વેચાણ અને ગ્રાહકોનો વિશ્વાસ મેળવવામાં અનેક મુશ્કેલીઓ આવી હતી.

આજે કંપની 100 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવે છે અને વિશ્વના 21થી વધુ દેશોમાં પોતાના ઉત્પાદનોની નિકાસ કરી રહી છે.

કંપનીને રાષ્ટ્રીય ફલક પર ઓળખ ત્યારે મળી જ્યારે તેના સ્થાપકો 'શાર્ક ટેન્ક ઈન્ડિયા'માં પોતાના સફળ બિઝનેસ મોડેલ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ભારતને પ્રોટીન સમૃદ્ધ બનાવવા માટેના તેમના પ્રયાસોની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ 'મન કી બાત' કાર્યક્રમમાં સરાહના કરી હતી, જે સમગ્ર ટીમ માટે ગૌરવપૂર્ણ ક્ષણ બની હતી. માલીબા કેમ્પસમાં મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ, પ્રાયોગિક અભ્યાસ અને ઉદ્યોગ સાથેનું સશક્ત જોડાણ વિદ્યાર્થીઓને રોજગાર શોધનારાને બદલે રોજગાર સર્જનારા ઉદ્યોગસાહસિક બનવા માટે સક્ષમ બનાવે છે. આ સફળતાની શ્રેણીમાં યુનિવર્સિટીના અન્ય એક પૂર્વ વિદ્યાર્થી આનંદ નાડર દ્વારા સ્થાપિત 'ઝોર્કો' (Zorko) બ્રાન્ડ પણ શાર્ક ટેન્ક ઈન્ડિયામાં સ્થાન મેળવીને દેશભરમાં સફળ QSR ફૂડ ચેઇન તરીકે વિકસી રહી છે.

યુકેના વિઝાના બહાને ઉમરવાના યુવક અને તેના જીજાજી સાથે ઠગાઈ

રૂ.૨૯.૫૦ લાખની છેતરપિંડી કરતાં પાંચ સામે ગુનો દાખલ

રાજપીપળા: યુકેના વિઝાના બહાને ઉમરવાના યુવક અને તેના જીજાજી સાથે ઠગાઈ થઈ હતી.

નાંદોદના ઉમરવા ગામે માલસરીયુ ફળિયામાં રહેતા અને ખાનગી નોકરી કરતા ૨૯ વર્ષીય કિશનભાઈ શૈલેષભાઈ પટેલ અને તેના જીજાજી રોનકભાઈ લાલજીભાઈ પટેલને લંડનના વિઝા બનાવી આપવાની લાલચ આપી ખંખેરી લેવાતાં મામલો આમલેથા પોલીસ મથકે પહોંચ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, જૂન-૨૦૨૩થી લઈને ૧૦ જુલાઈ-૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓએ ફરિયાદી કિશનભાઈ તથા તેમના જીજાજી રોનકભાઈને લંડનના વિઝા બનાવી આપવાની ખોટી લાલચ આપી પૂર્ણ વિશ્વાસમાં લીધા હતા. આ વિઝા પ્રક્રિયાના બહાને આરોપીઓએ જુદા જુદા સમયે ટુકડે-ટુકડે ફરિયાદી કિશનભાઈ પાસેથી રૂ.૧૫,૦૦,૦૦૦ તેમજ તેમના જીજાજી રોનકભાઈ પાસેથી રૂપિયા ૧૪,૫૦,૦૦૦ મેળવી લીધા હતા. આમ, પાંચેય આરોપીએ પરસ્પર મેળાપીપણું રચી કુલ રૂ.૨૯,૫૦,૦૦૦ની માતબર રકમ પડાવી લીધી હતી. નાણાં મેળવ્યા બાદ પણ આરોપીઓએ વિઝા આપ્યા ન હતા અને છેવટે વિઝા ન બનાવી આપી નાણાં પણ પરત ન કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓમાં સાવનભાઈ પારેખ ઉર્ફે મયુરભાઈ ભરતભાઈ નાયી (રહે.,મહેસાણા, હાલ રહે.,યુકે), હર્ષ પટેલ (ગાંધીનગર), ધારીની દિનકરભાઈ નાયકા (રહે.,ઘનશ્યામ નગર, ચાંદલોડિયા, અમદાવાદ), હિરેન પટેલ અને વિકીભાઈ ભરતભાઈ બારોટ (રહે.,માણસા, જિ.ગાંધીનગર)નો સમાવેશ થાય છે. આમલેથા પોલીસે તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એન.આર.ગોહેલ ચલાવી રહ્યા છે.

Milano MULTIPLEX

બારડોલી

Dhamaal 4

10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

Alpha

02:00pm, 05:00pm

Welcome To The Jungle

10:50am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

વાર્ષિક સાધારણ સભા નોટિસ

નેશનલ એજ્યુકેશન સોસાયટી ઓલપાડ ટ્રસ્ટ ની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા તા: ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રવિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે એમ એ આઈ હાઈસ્કૂલ, જુના-પુરા, સેના ખાડી બ્રિજ પાસે ઓલપાડ ૩૯૪૫૪૦ જી સુરત. ખાતે રાખવામાં આવી છે. જેમાં એજન્ડા મુજબના કામો હાથ ધરવામાં આવશે. તમામ નોંધાયેલ સભ્યોને ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.

એ.આઈ.સૈયદ

માનદ મંત્રી નેશનલ એજ્યુકેશન સોસાયટી ઓલપાડ

UPL UNIVERSITY OF SUSTAINABLE TECHNOLOGY

Established under Gujarat Private University Act, 2009 and Recognized by UGC under Section 2(f)

ADMISSIONS OPEN : 2026-2027

ENGINEERING

Diploma Engg.
- Diploma Chemical Engg.
- Diploma Computer Engg.
- Diploma Information Tech.
- Diploma Mechanical Engg.
- Diploma Electrical Engg.
- Diploma Environmental Engg.

B.E.
- B.E. Chemical Engg.
- B.E. Computer Engg.
- B.E. Artificial Intelligence & Data Science
- B.E. Information Tech.
- B.E. Mechanical Engg.
- B.E. Electrical Engg.
- B.E. Environmental Science & Tech.
- B.E. Chemical Tech. (Pharmaceutical)
- B.E. Chemical Tech. (Polymer & Rubber)
- B.E. Chemical Tech. (Glass & Ceramic)
- B.E. Chemical Tech. (Dyes & Pigment)

M.E.
- M.E. Chemical Engg.
- M.E. Mechanical (Thermal Engg.)
- M.E. Electrical Engg.
- M.E. Environmental Management

SCIENCE

B.Sc. (Hons)
- B.Sc. (Hons) Chemistry
- B.Sc. (Hons) Microbiology
- B.Sc. (Hons) Biotechnology

M.Sc.
- M.Sc. Chemistry
- M.Sc. Microbiology
- M.Sc. Environmental Science
- M.Sc. Biotechnology

Programs for Working Professional
- P.G.Diploma Process Safety
- P.G.Diploma Env. Compliance & Sustainability
- P.G.Diploma Instrumentation & Automation
- P.G.Diploma Analytical Techniques
- P.G.Certificate Artificial Intelligence in Business
- P.G. Certificate Business Analytics

Ph.D (Engg. /Science/Interdisciplinary)
- Full time Ph.D.
- Part time Ph.D.

Skill based Certificate Courses
- Chemical Plant Operator
- Plant Maintenance
- Colorant Technology

15 YEARS Academic Excellence

SALIENT FEATURES
- State of Art Infrastructure
- Qualified Teaching Staff
- NCC/NSS
- Training : Fire & Safety/ Sustainability
- Student Startup
- Industry Internship
- ICT Enable Classrooms
- Industrial Visit
- Industry Intraction
- Placement Assistant
- Sports : Indoor / Outdoor
- Transportation
- Hostel Facilities
- Wi-Fi Campus

- Student can select program offered by university through ACPC/ACPDC and GCAS
- University timing for Admission : All weekdays from 8.30 am to 4.30 pm

Recognition

www.upluniversity.ac.in | admission@upluniversity.ac.in

+91 97277 45875 / 76

Block No 402, Vataria, Ankleshwar-Valia Road,Ta: Valia,Dist: Bharuch